# પ્રકરણ:૫ *લોકનાટ્ય: 'સોંગ'– 'બિચારે યાહકી બાહકો'*

## ૫.૧. વસાવા લોકનાટ્ય સોંગનો ઇતિહાસ

આદિવાસીઓ માટે પહેલા મનોરંજન માટે હાલ જેવી કોઈ જ વસ્તુ ઉપલબ્ધ નહોતી. સોંગના ઇતિહાસની વાત કરીએ તો ૧૯૨૦ની આસપાસ દેવી આંદોલન દરમ્યાન ભજનો ગાવાના શરૂ થયા, તેથી સૌ ભેગા મળીને ભજનો ગાઈ થતાં ગયા. એ સમયે આદિવાસી રાજા રાજવાડાઓએ મેળાઓ શરૂ કારાવ્યા અને કુકરમુંડા વિસ્તારના આજુબાજુના કેટલાય વિસ્તાર સુધી મેળાઓ લોકો માટે મનોરંજન અને આનંદ પૂરૂં પાડવા લાગ્યા. આદિવાસી રાજાઓ ગંગથા, હિંગપુર, નાલા, રાયસિંગપુર, કાઠી, સાગબારામાં રહેતા હોવાથી તેઓએ આ વિસ્તારોમાં મેળાઓની અંદર નાચ-ગાન માટે બહારથી નાચનારને બોલાવવામાં આવતા હતાં. ધીરે-ધીરે ગામડાઓમાંથી તક્ત બાંધી મેળાઓમાં લઈ જવામાં આવતાં. ત્યાં આ નાચગાન જોઈ અહીં વસેલા વિસ્તારના લોકોએ પણ મનોરંજન માટે કંઈક વિચાર કર્યો.

ઉમજા ગામમાં રહેતા વડીલો મારગયાંભાઈ વળવી અને તેની મંડળીએ નક્કી કર્યું કે આપણે પણ આવું કઇક કરીશું. અને ધીમે ધીમે ચાલુ કર્યું. સોંગ નિઝર તાલુકાથી લઈ સોનગઢ, વ્યારા અને મહારાષ્ટ્રના

નવાપુર, નંદુરબાર અને સાગબારા તાલુકા સુધી અનેક મંડળીઓ બનતી ગઈ. સમાજના અલગ- અલગ વિષયોને લઈ સમય પ્રમાણે સોંગમાં પરિવર્તન થતાં ગયા. પહેલા ઓછા લોકો હતા પછી જોડાતા ગયા. અને નવી નવી મંડળીઓ બનતી ગઈ. હાલ ખૂબ જ ઓછા પ્રમાણમાં સોંગ ભજવાય છે. અને મંડળીઓનું પ્રમાણ પણ ઘટતું ગાયું છે.

**૫.૨. વસાવા લોકનાટ્ય સોંગ- 'બિચારે યાહકી બાહકો'**

**દેહવાલીમાં-**

**નામુંદાદા સોંગાડ્યા મંડળી**

**કલાકારોના નામ**

**(૧) નામુભાઈ પાડવી**

**(૨) મદન ચીકના**

**(૩) ગોટુમામા**

**(૪) કાલયા ગણેશ (પૂંજારા)**

**(૫) હરીશ**

**(૬) વિલાસ**

**(૭) લીલાકુમારી**

**(૮) રોશનીકુમારી**

**(૯) મીનાકુમારી**

**(૧૦) મુન્નીકુમારી**

મદનચીકના- માં નાવ માલૂમ હાયકા નાહ્વા લીલા તુલે?

લીલા- માલૂમ હાયરા. મદન ચીકનો. તો નાવ કેહકી પોડલો રા ?

મદનચીકના- માં નાવ એહકી પોડલો કા માં બાહકો પાક્કો સાંકટયો મા ચાહકીલ હોરો પીન ઠોકટતલો. માં ચાહકી કોતોં માર ખાય હાતી માનલીન માં ચાહકી  રોગારી નિંગી . પાયં પોડે તેહડામ હાતી ખાડો આલો. હાથી મા ચાહકી ખાડીમને ઉતતલી તા મા ચાહકી ચીકણાં ખોડકાપ હોરકી પોડલી. હાતી મા નાવ પોડલો મદન ચીકના.

લીલા -એહકી કા ?

ગોટુમામા -મા ચાહકી તા ડાનગી

મદન ચીકના- તો નાવ કેહકી પોડલોરા ગોટુ?

ગોટુમામા ?

ગોટુમામા -મા ચાહકી ડેડીમુજ આથો માંય હાતી માં ચાહકી નિસત્યા ગોઠયા રોવે હાતી કાંવી વેલોબાદે દોવડુતલે હાથી માં ચાહકી બી ડોવદડુતલી હાતી ગોટી  ઢેરૂંહી જાયને પોડલી હાતી તીદર્યો નાવ માં ગોટુ મામા.

મદન ચિકના – એહકી

લીલા-હારો તૂમુંહ જા માય તિયાર વિન વિન આવુંહ.

મદનચિકના-એહકી

ગોટુ મામા -હારોવા લીલા.

રોડાલી :

“ ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી હાલ બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા હાલ બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી જુવા બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા જુવા બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી ડોડા બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા ડોડા બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી વાદલ્યો તોપ તોપયો..

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી આંબા સાંચ બોહજે...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી હાલ બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા હાલ બી પાકી ગીયીહ...

નામુંદાદા: ચાલ તોનારી હાલ વાદ્રહું, જુવા વાદ્રહઉ

તોનારી: હાના કાય

નામુંદાદા : દાદરી માંડયા ન મેંદાળી ડા.

તોનારી: હા તોનારા.

(માંડો ખાન બોહતે તોતામુજ ગોટુમામો ન મદન ચીકનો આવહ.)

ગોટુમામા: આપ કી જય નામુંબાબા.

નામુંદાદા : આપ કી જય પોયરાહા. આલારા અલારબા.

મદન ચિકના : મોયજા આખેરા.

ગોટુમામા : બોહઇજા આખેહ, મોયજા નાહ. બેરા

નામુંદાદા : પોયરાહા ખાઈ લ્યા. તઓપી ઉઠેહ હયાતી દાદરી માંડયા ના પેંડાલી ડા લાલે

ગોટુમામા : માનતા પેંડાલી ડા આખાતાજ ડેડીમ ડાયું ખાડ ચાલહ.

મદન ચીકનો : ઓળખોરા.

નામુંદાદા : પોયરાહા તૂમુંહ બી માંડો ખાઈ લ્યા

ગોટુમામા : નાહ બાબા તૂમુંહ ખાઈ લ્યા

નામુંદાદા: પોયરાહા ડાયે આખતલે કા ખાતી વેલે એગઉહ આવી ઠોકાય તા

તો ભોગવાન રે હે જો બી વે તો તીયલ બી વાતીન ખાજા.

ગોટુમામા : હા બાબા

નામુંદાદા : પોયરાહા ખાઈ લ્યા હયાતી હાલ વાડી લાગજા

(બાદે હાલ વાદતેહે, હાલ વાડતા વાડતા મદન ચિકના આથૂલ ગોટુમામો દાહલો લાગવી દેહે.)

નામુંદાદા: પોયરાહા કામ પોતી ગિયઓહ,જા આમી ગાવુંમને પૂજારાબાહકાલ હાદી લાવજા.

ગોટુમામા : હોબ બાબા આમુ જાતા.

(બેની જા નિગયહાં )

મદનચિકના :ઓ બાબા તુલ આમુ હાદા આલાહ, નામુંદાદા કહેતુહઈ જાવુલો હાય પૂજા.

પૂજારા : હા છાલા પોયરાહા, જાજી.

( તિની ખેતુવેલે જાતાહા.)

નામુંદાદા : આવા બાબા , આમઆ ડાયે કાયમુજ નવો ધાન્યો કાંડે તા પૂજા કિનુજ કો લી જાતલેરબા તિયાલ તુંને હાદા મોકલૂલો.

પૂજારા: ખૂબ હારો જેઓ બેટા. પૂંજા બાદો લાલા કા? અગરબત્તી, હોરો, હેનદુર,

નારાલ્યો?

મદન ચીકનો: હોવ બાબા બાયડો જ હાય.

ગોટુમામા : આન ઓ હોરો કા ભોગવાનું કાતુર. ઓતો બાથો પીન તિયાલ ચોડી મોડી

જાયતા.

નામુંદાદા: પોયરા એહકી નાહ ગોગતે. ઉનાજા આમી તૂમુંહ. જાહા બેની હેજા થાકલો પાંજા મોવું ચાંડુહી બોઠલા તાહા તિયા મોવું પાય પી લેદલો આન તિયા થાકલો ઉતી ગહએલો હાતી તિયાન લાગ્યો કા આમી આપું હોરો બોનાવજી.

આન બાંદા લોકઉ ખાતુર હોરો બોનવલો આન બાદે લોકે થાકલો ઉતાવા પિયા લાગલે. તેહે હોરા સાક પાડીન બાંદા મોલાન ઇતવીન સાક પાડતે

પોયરાહા. તા તૂમુંહ બી હિ લ્યા કામ લાગી.

ગોટુમામા: હોવ બાબા.

(કામ આખો પોતી ગિયોહો. લોક કો જાતા રીયા)

(રોડાલી વાજેહે, બેન જાયા નાચત્યાં. નાચણો પોતેહ.)

બેન સાંકલા પોયરા ઉબલા હાય, ચાહકીલ જોર કેતાહ. તીમહને એક પોયરો હાય તો તિયા ચાહકીલ જોર કેહે. આન પોઈસા માંગે હાતી ચાહકી હોમજાવહે.

યાવું: પોયરા ઈ ખેત, ઈ સામાન તોજ ખાતુર હાયરા માં ચિડા પેન હોરાં માં બાર્બાદ કિહોરા. એહકી માં કિહો રા પોયરા

પોયરો: ઠાકઈજ દિદે માન પોઈસા.

તીન દોસદાર સાંકલા હાય આન ગાડીપ બોહીન જાતા. થોડીકવાયુમ તિની પોડતાહા, તિયાજ પોયરા પાગ પાંજાય જાતા. તોતામ ગોટુમામો આન મદન ચીકનો દોવડી આવતાહ.

મદન ચીકનો : કેલલા ગાવું હાયરા? તો બાહકા કાય નાવ? લાવ નનબર.

હયલ્લો. કાયહીને ગોગતા ઉમજેને કા?

યાવું: હોવ દાદા ઉમજેને. તૂમુંહ કેડો ?

મદન ચીકનો : તુમાં પોયરો બાઈકુપને પોડયો બેનિબિ પાગ પાંજાય ગિયાહ.

તિયા યાહકી રોડેહ. પોયરો યાવા યાવા કેહે આન બોંબલે.

મદન ચીકનો : આજી સાકીન ફિરતાંહ.. આન આમી યાવા યાવા.

આખે કોરીએ આવતે. આન હાતી પોયરા બાહકો આખે કા માયુંહ મા પોયરાલ નાય તાબલ્યો. ઈ કાય વિ ગિયો. તોતામ નામુંદાદા આવેહ આન આખે,

નામુંદાદા : દેખ માં પોયરો બી હાય પેન માયું માં પોયરાલ હારો હિકવ્યો, સિક્ષણ દેદો. તિયા જીવન આમી હારકી જાહે. પેન તુયું તાબલ્યો નાય આન બાર્બાદ વિન બોહિ ગિયો.

મદન ચીકનો: આજી મોડી ગાડી લી ડેજા આન આમી તા પોડી તા હાતી મૂય બી નાય ઓખા મિલે.

યાવું: એહકી કાય આખોરા પોયરા, માં એકૂજ પોયરો હાય.

નામુંદાદા : યાહકી-બાહકો ભોગવાન હાયરા પોયરા. યાહકી બાહકા ગોઠયા માનજા.

એહકી મા કીહા રા પોયરાહ. આમી હોરો નાહ પિતા તૂમુંહ આમી ઝેર

પિતાહ. આપ કી જય

ગુજરાતી:

કલાકારોના નામ

(૧) નામુભાઈ પાડવી

(૨) મદન ચીકના

(3) ગોટુમામા

(૪) કાલયા ગણેશ (પૂંજારા)

(૫) હરીશ

(૬) વિલાસ

(૭) લીલાકુમારી

(૮) રોશનીકુમારી

(૯) મીનાકુમારી

(૧૦) મુન્નીકુમારી

ગામ આખું જોવા માટે ભેગું થયું છે. બહાર ગામથી લોકો બિસ્તરા-પોટલા સાથે જોવા આવ્યા છે. ગામમાં મેળો ભરાયો છે. લોકો ખૂબ જ ખુશ છે. સોંગાડયાઓ તૈયાર થઈ ધીમે ધીમે મંચ ઉપર આવવા લાગ્યા છે. લોકો એકઠા થયા છે. નાના નાના છોકરાઓ ઝીણી ઝીણી આખે જોઈ રહ્યાં છે. સોંગ શરૂ થાય છે. સોંગ શરૂ થતાં પહેલા આરતી થાય છે.

મદનચીકના- ચાલ ગોટુ આપણે ઉમજા ગામમાં જઈએ.

ગોટુમામા – કોને ત્યાં લા?

મદનચીકના- ઉમજા ગામમાં સાંગાદાદાને ત્યાં.

મદનચીકના- જઈએ છીએ પણ કોઈકને જોડે લઈ લઈએ.

ગોટુમામા – હાલઆ લઈ લઈએ.

મદનચીકના- એ લીલા ચાલલી.

લીલા- કયાલા?

મદનચીકના- ઉમજા જઈએ.

લીલા – નહીલા હું તો તૈયાર થઈને બાઇક પર આવીશ. તમે બંને ગોટુ જોડે જાવ.

મદનચીકના- મારું નામ તને ખબર છે કે ને અલી લીલા?

લીલા- ખબર છે. મદન ચીકનો. તારું નામ કેમ પડેલું લા?

મદનચીકના- ઓહહઓહો .. આ તે શું પૂછી નાખ્યું મારી લીલા? (ખૂબ જ ખુશ થઈ

મદન ચીકનો તેની વાત કહે છે.) મારુ નામ એમ પડેલું કે મારા પપ્પા ખૂબ જ દારૂ પીતા. એકવાર દારૂ પીને આવેલા ને મારી મમ્મીને પપ્પાએ મારી. તેથી મમ્મી રિસાઇને મને લઈ એના પિયર જવા નિકળી. રસ્તામાં વરસાદ આવતા નદી પાર કરી અમારે જવાનું હતું. મમ્મી મને લઈ નદી પાર કરતાં કરતાં એક ચીકણા પથ્થર પર લપસી ગઈ હતી ત્યારથી મારુ નામ મદન ચીકનો.

લીલા: એવું કે?

ગોટુમામા: મારી મમ્મી તો મજબૂત. મારી મમ્મીની તો વાત ના થાય.

મદનચીકનો : તારું નામ કેમ પડેલું અલા ગોટુ?

ગોટુમામા : મારી માના પેટમાં જ હતો હું અને મારી માને લખોટી રમવાનો શોખ. એક દિવસ ગામમાં કઇ થયું હતું તો આખું ગામ જોવા દોડે. મમ્મી

પણ દોડવા લાગી. દોડતા દોડતા મમ્મી લખોટીના ઢગલાને જઈને અથડાઇ

ત્યારથી  મારુ નામ ગોટુ.

મદન ચીકના: એવું.

લીલા : સારું તામે નીકળો હું તૈયાર થઈને આવું.

મદન ચીકના : સારું

ગોટુમામા: સારું લીલા અમે જઈએ.

(રોડાલી ચાલુ થાય છે.. સંગીત વાગે છે.)

“ ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી હ્રાલ બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા હ્રાલ બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી જુવા બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા જુવા બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી ડોડા બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા ડોડા બી પાકી ગીયીહ...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી વાદલ્યો તોપ તોપયો..

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી આંબા સાંય બોહજે...

ચાલ તોનારી ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારી હાલ બી પાકી ગીયીહ..

ચાલ તોનારા ખેતૂહી આપું જાતે કાય..

ચાલ તોનારા હાલ બી પાકી ગીયીહ...

રોડાલી પૂરી થતાં નામુંબાબા એટલે કે નામુંદાદા આવે છે અને સંવાદ શરૂ થાય છે એમની પત્ની સાથે.

નામુંદાદા: ચાલ ઘરવાળી, આપણે ડાંગર કાપવા જઈએ. અને જુવાર પણ કાપીશું.

તોનારી: હા ને જઈએ.

નામુંદાદા: જમવાનું લઈ લેજે ત્યાં જ જઈને ખાઈશું.

તોનારી: હા મે જુવારના રોટલા અને ખાટી ભીંડી લઈ લીધું છે.

નામુંદાદા: ચાલ હવે ખાઈ લઈએ પછી કામે લાગીએ.

(જમવાનું ખાવા બેસતા હોય છે ત્યાં જ ગોટુમામા અને મદનચીકનો આવે છે.)

ગોટુમામા : આપ કી જે બાબા. (ગોટુમામા હાથ જોડતા.)

નામુંદાદા: આપ કી જય પોયરાઓ.આવ્યા તમે? આવો આવો. બેસો.

મદનચીકનો : મરી જાઓ એવું કે છે આ દાદા તો.

ગોટુમામા : અરે બહેરા આવો બેસો આવું કે છે.

નામુંદાદા: છોકરાઓ ખાઈ લો. તાપ વધારે લાગે એટલે રોટલા ને ખાટી ભીંડી લાવ્યા છે.

ગોટુમામા : ખાટી ભીંડી કહેતા જ મારા પેટમાં ઉંદર દોડે છે.

મદન ચીકનો : ચાટો છે તું એક નંબરનો.

નામુંદાદા : ચાલો છોકરાઓ ખાઈ લો.

ગોટુમામા : ના તામે ખાઈ લો દાદા, વધે તો અમને આપજો.

નામુંદાદા : પોયરાઓ વડીલો કહેતા કે ખાતા સમયે કોઈ આવી જાય તો એ ભગવાનનું રૂપ હોય. થોડુંક હોય પણ વહેંચીને ખાજો. ને હું તમને આપ્યા વગર તો ના જ ખાઉ.

ગોટુમામા : હા બાબા.

નામુંદાદા : પોયરાઓ ખાઈ લો એટલે ડાંગર કાપી લાગજો.

મદનચીકના: હા બાબા, આ મસ્ત ડાંગર કાપે છે.

નામુંબાબા: ચાલો છોકરાઓ કાપીએ.

(બધા જ પોતપોતાની રીતે ડાંગર કાપતા જઈ ગીતો ગાય છે. કાપતા કાપતા ગોટુમામા મડંચીકના હાથ પર દાતરડું વગાડે છે.)

ગોટુમામા : જોજે અલા.

નામુંદાદા: આખું કામ પતી ગયું અલા છોકરાઓ.

(બધા ભેગા થઈ ડાંગર પિલે છે.)

ગોટુમામા : ડાંગર તૈયાર છે દાદા.

નામુંદાદા: છોકરાઓ આપણાં ખેતરમાં નવીન ધાન્ય કાઢ્યું છે તો આપણે આ પૂંજવું પડશે એટલે તામે બંને ગામમાં જઈ પૂજારાને બોલાવી લાવો.

મદન ચીકના: ચાલ અલા જઈએ.

(બંને જાય છે)

ગામમાં પૂજારાના ઘરે પહોંચીને.....

મદનચીકના : પૂજારા દાદા ચાલો નામુંદાદાએ બોલાવ્યા છે.

પૂજારા: ચાલો છોકરાઓ.

(ત્રણેય ખેતર તરફ ચાલવા લાગ્યા.)

નામુંદાદા : બાબા અમે અમારા વડીલો નવું ધાન્ય કાઢતા ત્યારે એની પૂજા કરવામાં આવતી. એટલે તમને બોલાવ્યા મોકલ્યા હતા.

મદન ચીકના : સામાન બધો જ છે ને પૂજવાનો?

નામુંદાદા : હા અમે પહેલેથી જ બધુ લાવીને મૂક્યું છે.

પૂજારા: ઈંડા, અગરબત્તી, દારૂ, નાળિયેર, સિંદૂર બધુ જ?

નામુંદાદા : હા એ બધુ જ.

ગોટુમામા : ભગવાન માટે આટલું બધુ? ભગવાન વધારે પી ગયાને ચઢી ગાયું તો?

પૂજારા: છોકરાઓ છાક પાડતા શીખી લો. ભવિષ્યમાં કામ લાગશે. કેસૂડાંના પાનમાં દારૂની છાક પાડતા જાઓ ને બધા પૂર્વજોને નામે છાક પાડો.

નામુંદાદા: પોયરાઓ સાંભળજો. આ દારૂ પહેલાના જમાનામાં કેમ છાક પાડતા એની આખી વાત હું તમને કહું. તમે બેની હેજા વિશે સાંભળયુ જ છે. એ બંને જ્યારે થાકેલા ત્યારે મહુડાનાં ઝાડ નીચે આરામ કરવા બેઠેલા. એ ઝાડને ત્યાં એમણે પાણી પીધેલું તો એમનો થાક ઉતરી ગયેલો એટલે બંને હેજાઓએ નક્કી કર્યું કે આ પાણી બનાવીશું જેથી કરી બધા કામ કરનારાઓનો થાક ઉતરે. એટલે બધા પૂર્વજોને પણ છાક પાડીને દરેક કાર્યની શરૂઆત કરે છે.પણ આ દારૂને હવેના છોકરાઓ ખબર નહી શું સાંજે છે કે એને ઝેરની જેમ પીવે છે. એ પણ અસલી દારૂ નહી ભેળસેળવાળું ઝેર.

ગોટુમામા : હમણાં તો બધા ખોખલા થઈ ગયા છે.

(દારૂની છાક પાડવા બધા ઊભા છે. વારાફરતી બધા છાક પાડે છે. પૂર્વજોને યાદ કરે છે.)

(સંગીત સાથે મીનાકુમારી અને રોશનીકુમારી નાચે છે. નાચવાનું પૂરું થાય છે.)

બે યુવાન મિત્રો પીધેલી હાલતમાં ઊભા છે. એમાંથી એક યુવાન એની મમ્મી પાસે પૈસા માંગે છે. પૈસા ન આપતા દાદાગીરી કરે છે. એની મમ્મી એને સમજાવતા કહે છે કે,

મમ્મી: આ ઘરેણાં, આ ખેતી, આ પૈસા બધુ તારું જ છે પણ તું આમ પીવામાં ના પૂરું કર. આ બધુ તારા માટે જ અમે મજૂરી કરી કરીને કમાયા છીએ.

પણ છોકરો માનતો નથી અને બાઇક લઈ એના બીજા બે ભાઈબંધો સાથે બાઇક પર બેસીને નીકળી પડે છે. થોડા સમય બાદ ત્રણેય બાઇક પરથી પડે છે. અને બાઇકવાળાના બંને પગ ભાંગી જાય છે. ત્યાં મદન ચીકનો અને ગટુંમામા આવે છે.

ગોટુમામા : એ છોકરા તું કયા ગામનો છે? તારા પપ્પાનો નંબર આપ.

મદન ચીકનો: હેલ્લો તમે ઉમજાથી બોલો છો?

મમ્મી : હા હું મોહનને ત્યાંથી વાત કરું છું.

મદન ચીકનો : તમારો દીકરો ગાડી પરથી પડી ગયો છે. બંને પગ ભાંગી ગયા છે.

(રુદન કરતી માનો અવાજ સંભળાય છે.)

ગટ્ટુમામા : હજુ દારૂ પીવો અને હવે મમ્મી મમ્મી કહીને રડો.

યુવાન : બૂમો મારે છે. રડે છે.

મમ્મી: મારો એકનો એક દીકરો. શું થયું મારા દીકરાને. ખેત વેચીને તે ગાડી માંગી લઈ આપી. આ શું થઈ ગયું?

મદન ચીકનો: કટાક્ષ સાથે. હજુ ખેતર વેચીને હજુ આનાથી ઊંચી ગાડી લઈ આપજો.

એટલે મોઢું પણ ના જોવા મળે તમારું છોકરાનું.

યુવાનના પપ્પા : મે મારા છોકરાને સાચવ્યો નહીં તેનું આ પરિણામ છે. આ મને જ ભોગવવું પડ્યું.

નામુંદાદા: મારા છોકરાને મે સારા સંસ્કાર આપ્યા, શિક્ષણ આપ્યું તો એ આજે શાંતિથી જીવે છે. દારૂને દારૂની જેમ, દવાની જેમ વાપરવું જોઈએ.

મદન ચીકના: આપણાં જ પૈસા, આપણાં જ ખર્ચા, આપણો જ જીવ.

નામુંદાદા: મા-બાપ આપણાં ભગવાન છે. તેમનું સાંભળો. એમની વાતો માનો. મમ્મી નું પહેલા વિચારી લેવું જોઈએ. મા બાપથી મોટી મૂડી કોઈ નથી એઆપણે ભૂલી ગયા છીએ. મા-બાપનો આદર હોવો જ જોઈએ. વ્યસન છોડી દો. દારૂ પીવાથી દૂર રહો.

* આપ કી જય *

સોંગની શરૂઆતમાં ગોટુમામા અને મદનચીકનાનું હાસ્યાત્મક વર્તન જોવા મળે છે. સોંગ આગળ વધતા નામુંદાદાના ખેતીના કામની અને દારૂનું મહ્ત્વ અને અનાજને ખેતરમાંથી જ્યારે ઘરે લાવવામાં આવે છે તેનું વર્ણન દેખાય છે. આદિવાસી સતત ખેતી સાથે જોડાયેલ રહેતો સમાજ છે. તેથી ખેતીનું મહ્ત્વ આ સોંગમાં રજૂ કરવામાં આવ્યું છે. જ્યારે સોંગના મધ્ય ભાગમાં એક યુવાનના દિશાહીન જીવનની વાત સોંગમાં મૂકવામાં આવી છે. અને બે પરિવારના ઝગડાઓને કેવી રીતે આદિવાસી સમાજમાં સમાધાન થાય તેનું પણ ઉદાહરણ જોવા મળે છે. જ્યારે અંત ભાગમાં દારૂના વ્યસનથી અને બાઇકના ગાંડા શોખથી યુવાવર્ગની દિશા અને દશા નજરે આવે છે. શુધ્ધ મહુડાનાં દારૂનું મહ્ત્વ અને અતિશયોક્તિની વાત અંતે નામુંદાદા સોંગમાં સમજાવે છે અને સોંગનો અંત આવે છે.

***લોકનાટ્ય સોંગના કલાકારો:***

**નામુંદાદા સોંગાડ્યા મંડળી**

**કલાકારોના નામ:**

**(૧) નામુભાઈ પાડવી**

**(૨) મદન ચીકના**

**(3) ગોટુમામા**

**(૪) કાલયા ગણેશ (પૂંજારા)**

(૫) હરીશ

(૬) વિલાસ

(૭) લીલાકુમારી

(૮) રોશનીકુમારી

(૯) મીનાકુમારી

(૧૦) મુન્નીકુમારી



સ્ત્રી વેશમાં લોકનાટ્ય સોંગના પુરુષો










**લોકનાટ્ય ભજવતાં કલાકારો**